# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.


પ્રતિ, તા. ૧૧/૧૧/૨૦૧૭

તંત્રીશ્રી,

.................................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

(વિનોદ જૈન)

મીડિયા કન્વીનર, સુરત

- **હિંદુઓને આતંકવાદી કહેનાર રાહુલ ગાંધીને આજે ન.મો.ના ગુજરાતમાં મંદિરે મંદિરે નમવું પડે છે : માન. કેન્દ્રિય મંત્રી શ્રીમતી સ્મૃતિબેન ઈરાની**
- **માન. કેન્દ્રિય મંત્રી શ્રીમતી સ્મૃતિબેન ઈરાનીએ ભાજપ કાર્યાલય ખાતે મીડીયા સેન્ટરનું ઉદ્‌ઘાટન કર્યુ.**

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા તથા મહામંત્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, ડો. જગદીશભાઈ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

ભારતીય જનતા પાર્ટી–ગુજરાત પ્રદેશના દક્ષિણ ગુજરાત ઝોનના મીડીયા સેન્ટરનું આજરોજ કેન્દ્રિય માહીતી અને પ્રસારણ મંત્રી શ્રીમતી સ્મૃતિબેન ઈરાનીના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. લોકશાહીના પવિત્ર પર્વ સમાન ચૂંટણીઓમાં મીડીયાનું આગવું મહત્ત્વ રહ્યું છે. ખૂબ જ ઓછા સમયમાં લાકો સુધી માહીતી પહોંચાડવા માટે

મીડીયાની ભૂમિકા ખૂબ જ મહત્ત્વપૂર્ણ રહે છે. આગામી ગુજરાત રાજ્ય વિધાનસભાની ચૂંટણી–૨૦૧૭નાં સંદર્ભે દક્ષિણ ગુજરાત ઝોનના આઠ જિલ્લાઓ માટે મીડીયા સેન્ટરનો સુરત ખાતે શુભારંભ કરવામાં આવ્યો હતો. ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના મુખ્ય કાર્યાલય "પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના ખાતે શરૂ થયેલું આ કાર્યાલય અદ્યતન સુવિધાઓ ધરાવે છે. તેમાં પ્રેસ કોન્ફરન્સ તથા નાનકડી બેઠક કરવાની પણ સુવિધા છે.

આજરોજ સાંજે ૬ કલાકે કેન્દ્રિય માહીતી અને પ્રસારણ મંત્રી માન. શ્રીમતી સ્મૃતિબેન ઈરાનીના વરદ્ હસ્તે મીડીયા સેન્ટરને ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભારતીય જનતા પાર્ટી–મુંબઈ મહાનગરના અધ્યક્ષ અને ધારાસભ્ય શ્રી આશિષ સેલાર, ભાજપ–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા, સુરત મહાનગરપાલિકાના મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયા, રાજ્યના સંસદિય સચિવ શ્રી પૂર્ણેશભાઈ મોદી, સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, સુરતના મહામંત્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, શ્રી ડૉ. જગદીશ પટેલ, શ્રી કિશોરભાઈ બિંદલ, પ્રવક્તા શ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, પ્રદેશ ભાજપા મીડીયા સેલના દક્ષિણ ગુજરાત ઝોનના ઈન્ચાર્જ શ્રી વિનોદ જૈન, શહેર ભાજપની મીડીયા ટીમના સભ્ય શ્રી ડૉ. સંજય ડુંગરાણી, શ્રી અલ્પેશ સપકાલ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે પત્રકારોના પ્રશ્નોના જવાબ આપતા શ્રીમતી સ્મૃતિબેન ઈરાનીએ જણાવ્યું હતું કે ગુજરાતના વિકાસ પર આંગળી ઉઠાવનાર લોકોએ પાંચ પેઢીથી પોતે જેના સાંસદ છે તે અમેઠીના વિકાસ અંગે જવાબ આપવો પડશે. વધુ એક પ્રશ્નના જવાબમાં તેમણે ઉમેર્યુ હતું કે હિંદુઓને આતંકવાદી ગણાવનાર અને ભગવાન શ્રીરામના અસ્તિત્વનો જ વિરોધ કરનાર તેમજ સેતુબંધ વિશે શંકા ઉઠાવનાર રાહુલ ગાંધી હવે ચૂંટણી સમયે ન.મો.થી ડરીને મંદિરે મંદિરે નમતા થઈ ગયા છે. પરંતુ તેમની આ ચૂંટણીલક્ષી ચાલને હવે જનતા બરાબર ઓળખી ગઈ છે અને આગામી ચૂંટણીમાં તેમને આકરો જવાબ આપશે.